અપીલ અરજી નં.૧૯૯ તા.૨૦–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી કાંતીભાઈ મોહનભાઈ લકકડ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાંતીભાઈ મોહનભાઈ લકકડની તા.૧૩–૮–૧૦ ની અરજીથી મોજે ગામ નાના વરાછા વિસ્તારમાં આવેલ રે.સ.નં.૭૮/૧ તથા ૭૯/૧ ના બ્લોક નં.૧૩૩ પૈકી ૨ વાળી જમીન ઉપર પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૩૮ની ઉત્તરે માર્જીન વાળી જગ્યા જમીનમાં કોર્ટનો સ્ટે ઓર્ડર હોવા છતાં બીન અધિકૃત રીતે દિવાલોનું ગેરકાયદેસર બાંધકામ બાબતે (એ) સંબંધીત દિવાલોનું તથા સી.ઓ.પી.નું બાંધકામ પ્લાન પાસ છે કે કેમ? જો હોય તો તેની સહી સીકકાવાળી નકલ આપશો . વિ. મુદ્દા (એ) થી (ડી) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૯/૨૦૧૦–૧૧

શ્રી કાંતીભાઈ મોહનભાઈ લકકડની તા.૧૩–૮–૧૦ ની અરજીથી મોજે ગામ નાના વરાછા વિસ્તારમાં આવેલ રે.સ.નં.૭૮/૧ તથા ૭૯/૧ ના બ્લોક નં.૧૩૩ પૈકી ૨ વાળી જમીન ઉપર પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૩૮ની ઉત્તરે માર્જીન વાળી જગ્યા જમીનમાં કોર્ટનો સ્ટે ઓર્ડર હોવા છતાં બિન અધિકૃત રીતે દિવાલોનું ગેરકાયદેસર બાંધકામ બાબતે (એ) સંબંધીત દિવાલોનું તથા સી.ઓ.પી.નું બાંધકામ પ્લાન પાસ છે કે કેમ? જો હોય તો તેની સહી સીકકાવાળી નકલ આપશો . વિ. મુદ્દા (એ) થી (ડી) ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આર ટીઆઈ/૩૫૧ તા.૯–૯–૧૦ થી આપેલ માહિતી સ્પષ્ટ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૮ તા.૨૭–૯–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમણે મૂળ અરજીમાં નિર્દિષ્ટ તા.૧૨–૭–૧૦ તથા તા.૧૯–૭–૧૦ ના પત્રોની નકલો સામેલ કરેલ ન હોઈ તથા સ્ટે ઓર્ડરની વિગતો પણ સામેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૫૧ તા.૪–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૫૧ તા.૯–૯–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૧–૧૦–૧૦ ના રોજ પૂરક વિગતોમાં અત્રેના તા.૨૭–૯–૧૦ ના પત્રના સંદર્ભમાં તા.૧૨–૭–૧૦ અને તા.૧૯–૭–૧૦ અરજદારના એડવોકેટ મુકેશ એસ. પટેલે મહાનગરપાલિકામાં જુદા જુદા અધિકારીઓને પાઠવેલ પત્રની નકલ તથા તા.૪–૮–૦૭ ના રોજ છઠ્ઠા એડી. સીવીલ જજ સુરતના દીવાનીમુકદમા નં.૩૭૪/૭ , મનાઈ હુકમની નકલ તેમજ તા.૧૯–૨ –૦૮ ના હુકમની નકલ મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૩૫૧તા.૧૩–૮–૧૦ ની અરજીથી મુદ્દા નં.એ થી ડી ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસધાને જાહેર મીહતીઅધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આર ટીઆઈ/૩૫૧ તા.૯–૯–૧૦ થી મુદ્દા નં.એ થી ડી ની માહિતી આપવામાં આવેલ. જેમાં મોજે ગામ નાના વરાછા વિસ્તારમાં આવેલ રે.સ.નં.૭૮/૧ તથા ૭૯/૧ ના બ્લોક નં.૧૩૩ પૈકી ૨ વાળી જમીન ઉપર પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૩૮ની ઉત્તરે માર્જીન વાળી જગ્યા જમીનમાં કોર્ટનો સ્ટે ઓર્ડર હોવા છતાં બિન અધિકૃત રીતે દિવાલોનું ગેરકાયદેસર બાંધકામ બાબત તથા મંજુર પ્લાન વિરુધ્ધ સીઓપીમાં બિન અધિકૃત બાંધકામ તોડી પાડવા તથા ખુલ્લુ કરવા અરજદારના એડવોકેટ મુકેસ એસ. પટેલ મારફતે તા.૧૨–૭–૧૦ તથા તા.૧૯–૭–૧૦ ના રોજ અરજી કરેલ. તેના અનુસંધાને મુદ્દા નુ. (એ) સંબંધીત દિવાલોનું તથા સી.ઓ.પી.નું બાંધકામ પ્લાન પાસ છે કે કેમ? જો હોય તો તેની સહી સિકકાવાળી નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સંબંધિત દિવાલો તથા સીઓપીમાં બાંધકામનો પ્લાન પાસ હોવાનો રેકર્ડ વરાછાઝોનની કચેરીએ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (બી) પ્લાન પાસ ન હોય તો તે દુર કરવા અંગે કરેલ કાર્યવાહીની વિગતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી જમીન મોજે ના ના વરાછા રે.સ. નં.૭૮/૧ તથા ૭૯/૧ ના બ્લોક નં.૧૩૩ પૈકી ૨ માં બાંધકામની પરવાનગી આપવામાં આવેલ હોવાનો રેકર્ડ અત્રે ઉપલબ્ધ નથી. પરિણામ સ્વરૂપ સદર જમીનમાં સીઓપી લોકેશનની સ્પષ્ટતા થઈ શકે તેમ નથી. તેવું જણાવેલ છે. (સી) હાલમાં સ્થળની પરિસ્થિતિ (માર્જીનમાં દિવાલો તથા સીઓપી) બાંધકામ સાથે છે કે ખુલ્લો પ્લોટ તે અંગેની માહિતી. (ડી) જો ઉપરોકત બાંધકામ પ્લાન પાસ ન હોય અને આજ દિન સુધીમાં દુર થયેલ ન હોય તો તે અંગેની વિગત. તેવા મુદ્દા નં.સી તથા ડી ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર જમીનમાં સક્ષમ સત્તા ધ્વારા મંજુર કરવામાં આવેલ બાંધકામ પ્લાનની નકલ અત્રે રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોઈ, વિગતો આપી શકાય નહીં. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ

અરજદારે તા.૨૦–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે (એ) નો જવાબ ના તથા (બી) નો પ્લાન પાસ ન હોય તો દુર કરવાની કાર્યવાહની વિગતો જવાબ સ્પષ્ટ જણાતી નથી તથા સી અને ડી નો જવાબ પણ યોગ્ય અને સ્પષ્ટ જણાતો નથી. તેવી રજૂઆત કરેલ છે. આમ એ થી ડી ના સ્પષ્ટ જવાબની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને એ થી ડી ના મુદ્દાઓ અંગે રેકર્ડ ઉપલબ્ધ ન હોવાના કારણે વિગતો આપી શકાય નહી તેવું જણાવવામાં આવેલ છે. વધુમાં અરજદાર પક્ષે જિલ્લા વિકાસ અધિકારીનો તા.૧૬–૭–૧૦ નો પત્ર જે ધ્વારા એડવોકેટશ્રી હર્ષદ મોદીના તા.૮–૭–૧૦ ના પત્રની નકલસહ ઘટતી કાર્યવાહી માટે ઝોનલ ઓફિસરને રવાના કરવા જણાવેલ છે તથા અપીલ તબકકે અરજદારે તા.૧૨–૭–૧૦ અને તા.૧૯–૭–૧૦ તેઓના એડવોકેટ તરફથી પાઠવેલ પત્ર તથા તા.૪–૮–૦૭ તેમજ તા.૧૯–૨–૦૮ એડી. સીવીલ જજ સુરતના મનાઈ હુકમની નકલ અને સ્ટેટસકવો જાળવી રાખવા જણાવતા આદેશની નકલો રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બાબત હેઠળનું દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે કોઈ કારણ કે દફતરના નાશ કે નિકાલ કર્યાના આધાર અગર વાજબીપણું રજૂ કરેલ નથી જે દફતરે હોવાનું અનુમાનિત છે.

અરજદાર તરફે રજૂ થયેલ અદાલતી હુકમો જોતાં તેમાં અદાલત ધ્વારા યથાવત સ્થિતિ જાળવી રાખવા આદેશ કરવામાં આવ્યાનું જણાય છે. તેમ છતાં અરજદારના એડવોકેટ મારફતે તા.૧૨–૭–૧૦ તથા તા.૧૯–૭–૧૦ ના પત્રોથી સુરત મહાનગરપાલિકાને તેવું બાંધકામ તોડી પાડવા જણાવેલ છે તે પાસ્પરિક વિરોધી જણાય છે. વધુમાં જયારે દાવામાં એસએમસી પક્ષકાર ન હોય ત્યારે જો અદાલતના આદેશની અવહેલનાનો કેસ બનતો હોય તો તે માટેની દાદ સુરત મહાનગરપાલિકામાં હોઈ શકે નહીં તે પણ સૂચક છે. કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ દફતર પૈકી માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળની મિલ્કત સમાવિષ્ટ થતાં સદર વિસ્તારના ઉપલબ્ધ દફતરની સૂચિ સહિતની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે.

અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાંતીભાઈ મોહનભાઈ લકકડ